| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૪/૦૮/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે. પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન તથા સુચના મુજબ (૧)કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૩૦૨૯૯/૨૦૨૩ ઇપીકો કલમ ૩૯૭,૩૯૪,૩૨૫,૪૨૭, ૧૧૪ GP Act ૧૩૫(૧) મુજબ (૨)શહેરકોટડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૩૦૩૩૦/૨૦૨૩ ઇપીકો કલમ ૩૨૪,૧૧૪ GP Act ૧૩૫(૧) મુજબ (૩)કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૩૦૩૧૭/૨૦૨૩ ઇપીકો કલમ ૩૯૫,૩૯૭,૩૨૫,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૨૦(બી) GP Act ૧૩૫(૧) મુજબના શરીર સબંધેના તથા લુંટ સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA /૩૯૬/૨૦૨૩ તા.૦૩/૦૮/૨૦૨૩ ના હુકમ આધારે તા.૦૩/૦૮/૨૦૨૩ ના કલાકઃ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**આરોપીનું નામ:-** રાજેન્દ્ર ઉર્ફે લાલો સ/ઓ રમેશભાઇ નંદલાલ જાતે-બબ્બર (પંજાબી) ઉ.વ.૩૬ રહે.પરમેશ્વરનગર અનિલ વકીલની ચાલી રાજીવગાંધી ભવનની પાછળ સૈજપુર બોઘા અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ. શ્રી એ.જે.ચૌહાણ તથા પો.સ.ઇ. શ્રી એચ.સી.પારેખ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૨૭૪/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૨૭૨ લીટર દેશી દારૂ, ૬૩૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬ બિયર ટીન, ૧ કાર, ૧ મોટર સાયકલ, ૩ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૬૫,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૨૭૫/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ:- સમાચાર યાદી નં.૧૨૭૬/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટ:** (૧) દિનેશભાઇ ખુશાલભાઇ રાણા (ઉ.વ.૩૨)(રહે.પુષ્પાનગર, ભગવતી વિધ્યાલય પાસે, ભાર્ગવ રોડ, કુબેરનગર) એ તા.03/૦૮/૨૦૨૩ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/0૪/૨૦૨૩ થી તા.30/0૫/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન સોલા ગુજરાત હાઇકોર્ટની સામે આવેલ સત્યમેવ કોમ્પલેક્ષ ખાતે દિનેશભાઇના મીત્ર મેહુલભાઇ સોમાભાઇ મેવાડા વિરૂધ્ધ પોલીસ અટકાયતી પગલા ન ભરે તે સારૂ નામદાર ગુજરાત હાઇકોર્ટમાંથી સ્ટે ઓર્ડર અપાવાનું કહી આરોપી નિરવભાઇ બકુભાઇ જેબલીયાએ મેહુલભાઇ પાસેથી કુલ રૂપિયા ૫,00,000/- મેળવી લઇ, નામદાર ગુજરાત હાઇકોર્ટમાંથી આવો કોઇ ઓર્ડર નહી કરાવી, નામદાર ગુજરાત હાઇકોર્ટના ખોટા ઓર્ડર બનાવી, દિનેશભાઇને રૂબરૂ તેમજ વોટસએપ મારફતે મોકલી આપી નામદાર ગુજરાત હાઇકોર્ટના ફોર્જ હુકમો બનાવી તેને સાચા તરીકે દિનેશભાઇ અને સાહેદ મેહુલભાઇ સામે રજુ કરી વિશ્વાસઘાત અને છેતરપિડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ:** (૨) નામદાર ગુજરાત હાઇકોર્ટ સોલા ખાતે ઓથોરાઇઝ ઓફીસર & આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર/કોર્ટ માસ્ટર તરીકે ફરજ બજાવતા કે.બી.જયશ્વાલ એ તા.03/૦૮/૨૦૨૩ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.0૯/0૬/૨૦૨૩ ના રોજ નામદાર ગુજરાત હાઇકોર્ટ ખાતે આરોપી એડવોકેટ નીલકેશ કે.દેસાઇએ નામદાર ગુજરાત હાઇકોર્ટનો ખોટો ઓર્ડર બનાવી ઓર્ડરની પી.ડી.એફ.ફાઇલ સાહેદને વોટસએપ મારફતે મોકલી આપી સાહેદ પાસેથી રૂપિયા ૬,૫0,000/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** સંધ્યા વા/ઓ મોહન બાલાચન્દ્ર પિલ્લઈ (રહે,હેલીકોનીઆ એપાર્ટમેન્ટ, થલતેજ શિલજ રોડ, થલતેજ) એ તા.૦૩/૦૮/૨૦૨૩ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૪/૨૦૨૨ ના રોજ સૈજપુર બોઘા-નરોડા રોડ ક્ષેત્રીય કાર્યાલય, કર્મચારી ભવિષ્યનિધિ સંગઠન ખાતેથી આરોપી અખિલેશ હરદયાનંદ પાંડે (રહે. ગામ-ઈસ્માઈલપુર, પોસ્ટ- ઈસ્માઈલપુર, જીલ્લો- ભાગલપુર બિહાર) એ અન્ય કર્મચારીનો ક્લેમ પાસ કરાવી રૂપિયા ૧,૦૩,૮૯૬/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.રતન ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૭/૨૦૨૩**

નિકોલઃ પરેશભાઈ પ્રાગજીભાઈ પટેલ (ઉ.વ.૪૨)(રહે.મનોરથ એપાર્ટમેન્ટ કોઠીયા હોસ્પીટલ સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૮/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઈ મંગુભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી